સુરત મહાનગરપાલિકાની આરોગ્ય સમિતિની તા.૯–૦૩–૨૦૨૬ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૧૩–૦૨–૨૦૨૬ ના પત્ર નં.સીમીસ/૨/૧૨ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોન, વોર્ડ નં.૧/એ, ૨/એ, ૨/બી, ૨/સી, ૩/બી, ૪/એ, ૫, ૬, ૭/એ, ૭/બી, ૯, ૧૦ તથા ૧૨ વિસ્તારમાં આવેલ જાજરૂગલી/પથ્થર ગલી/સર્વિસલેન વિગેરે ગલીમાં સ્ક્રેપીંગ/બ્રશીગ કરી એકત્રિત થતો કચરો/માટીના ઢગલા, ગાર્બેજ વિગેરેના નિકાલ કરવા અંગે આવેલ કામગીરી બીજા વર્ષ માટે પ્રતિદિન કુલ માપ ૨૨૦૬૮–૯૯ ચો.મી. કામગીરીના પ્રતિ ચોરસ મીટર રૂા.૦.૨૭૭૮ પૈસા મુજબ વાર્ષિક ખર્ચ રૂા.૨૨,૩૭,૭૨૯–૩૮ (અંકે રૂપિયા બાવીસ લાખ સાડત્રીસ હજાર સાતસો ઓગણત્રીસ અને આડત્રીસ પૈસા પુરા) ના ખર્ચે ઈજારદારશ્રી ખોડીયાર એન્ટરપ્રાઈઝને કામગીરી સોંપવાનું તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૨/૨૦૨૬ સર્વાનુમતે મંજુર.**

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૦૩–૨૦૨૬.

*UDT*

FOR INFORMATION PURPOSE ONLY

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose.”

**સુરત મહાનગરપાલિકાની આરોગ્ય સમિતિની તા.૯–૦૩–૨૦૨૬ ના**

**રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–**

*** * * * * ***

મ્યુ.કમિશનરશ્રીના તા.૦૮–૩–૨૦૨૬ ના પત્ર નં.સીમીસ/૨/૧૮ થી વિદિત થઈ, સુરત શહેરના જુદા જુદા ઝોન વિસ્તારમાં આવેલ હયાત કુલ ૮ (આઠ) સેકન્ડરી રીફ્યુસ ટ્રાન્સફર સ્ટેશન માટે જરૂરિયાત મુજબના વધારાના હૂક લીફટર વ્હીકલો, કંટેનરો, કોમ્પેકશન મશીનો વિગેરે ખરીદ કરવાના કામ બાબતે દરખાસ્તના ટેબલ–૨ માં દર્શાવેલ ખર્ચની વિગત મુજબ સંયુકત કુલ રૂા.૩૦,૬૩,૧૨,૦૦૦/– ના અંદાજ બજેટહેડ "સી–૮૧/૮૩,૫૭૧૪" ખાતે મંજુર કરવા સુરત મહાનગરપાલિકા સભા સંચાલનના નિયમો ૧૯૮૦ ના નિયમ–૧૧ અનુસાર આ કામ તા.૧૦–૦૩–૨૦૨૬ ના રોજ મળનાર સામાન્ય સભા સમક્ષ તાકીદના કામ તરીકે રજુ કરવા આ સમિતિ સ્થાયી સમિતિને ભલામણ કરે છે.

**ઠરાવ નં.૩/૨૦૨૬ સર્વાનુમતે મંજુર**

---

**પ્રો.રા.સ્થાયી સમિતિ,**

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા,
તા.   –૦૩ –૨૦૨૬.

*UDT*

FOR INFORMATION PURPOSE ONLY

**સુરત મહાનગરપાલિકાની આરોગ્ય સમિતિની તા.૯–૦૩–૨૦૨૬ ના**

**રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–**

*** * * * * ***

**મ્યુ.કમિશનરશ્રીના તા.૦૯–૩–૨૦૨૬ ના પત્ર નં.સીમીસ/૨/૧૯ થી વિદિત થઈ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૧૬ ને અનુરૂપ સુરત શહેર માંથી ઉત્પન્ન થતા કુલ ૦૩ વર્ષની સમયમર્યાદા માટે મહત્તમ ૩૦(લાખ) મે.ટન ઘનકચરાના જથ્થાને વૈજ્ઞાનીક ઢબે પ્રોસેસીંગ કરવાની કામગીરી માટે સદર કામ નિયુકત થયેલ કન્સલટન્ટશ્રી** Envision Enviro Technologies Pvt.Ltd. Surat **ધ્વારા રૂા.૨૭૭,૨૬,૫૫,૬૬૬–૯૩/– ના અંદાજો બજેટહેડ** "BCNT-81/95,GLAC-3505" **ખાતે મંજુર કરવા તથા અંદાજોની મંજુરીની અપેક્ષાએ સમયાંતરે ટેન્ડર પ્રસિધ્ધ કરવા અંગેની કામગીરીની કાર્યોત્તર બહાલી આપવા સુરત મહાનગરપાલિકા સભા સંચાલનના નિયમો ૧૯૮૦ ના નિયમ–૧૧ અનુસાર આ કામ તા.૧૦–૦૩–૨૦૨૬ ના રોજ મળનાર સામાન્ય સભા સમક્ષ તાકીદના કામ તરીકે રજુ કરવા આ સમિતિ સ્થાયી સમિતિને ભલામણ કરે છે.**

**ઠરાવ નં.૪/૨૦૨૬ સર્વાનુમતે મંજુર**

---------------------------------

**પ્રો.રા.સ્થાયી સમિતિ,**

**સહી/–**
**ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,**
**સુરત મહાનગરપાલિકા,**
**તા. –૦૩ –૨૦૨૬.**

*UDT*

FOR INFORMATION PURPOSE ONLY

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose.”